મોરબીના મહે.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.મોરબી

ક્રિમીનલ કેસ નં.–૩૮૧૯/૨૦૨૫

આંક :–

ફરીયાદી :– શ્રી સરકાર

*વિરૂધ્ધ*

આરોપી :– નદીમભાઈ અબુભાઈ સેતા
રહે. મોરબી ખાટકીવાસ કુલગલી

સરકાર તર્ફે :– વિ.એ.પી.પી.શ્રી

આરોપીઓ તર્ફે :– વિ.વ.શ્રી એલ.આર.ગઢવી

ગુન્હો:– જુગારધારાની કલમ–૧૨(અ) મુજબ..

**ચુકાદો**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એછી છે કે, આ કામના આરોપીઓ વિરૂધ્ધ વર્લી ફીચરના આંકડાઓ લખી નશીબ આધારીત હારજીતનો જુગાર રમતા જુગારની રેઈડ દરમ્યાન મુદામાલ સાથે મળી આવ્યા સબંધે જુગારધારાની કલમ–૧૨(અ) મુજબનો ગુનો બનતો હોઈ તે મતલબની ફરીયાદનો ગુન્હો નોંધાયેલ છે.

૨. ઉપરોકત મતલબની ફરીયાદ મળતા તપાસ કરનાર અધિકારીએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઈ તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ–૧૨(અ) મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

૩. આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં આરોપીઓ અત્રે કોર્ટમાં હાજર થયેલ. આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાતરી કર્યા બાદ આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ પોતાની સામેનો ગુનો કબુલ કરેલ છે. વધુમાં આરોપીઓએ ગુના કબુલાત પુરસીસ પણ હાલના કામે રજૂ રાખેલ છે.

૪. આરોપીઓને તેની સામેના ગુનાના આક્ષેપો તેમજ થઈ શકતી સજાની જોગવાઈઓ વાંચી સમજાવવા છતાં,નિયત કરતા ઓછી સજા નહી કરવામાં આવે તેની સખ્ત ચેતવણી આપવા છતાં આરોપીઓએ સ્વેચ્છાએ પોતાનો ગુનો કબુલ કરતા હોઈ, આરોપીઓની ગુના કબુલાત સાચી અને સ્વેચ્છાએ પોતાનો ગુનો કબુલ કરતો હોવાનું જણાઈ આવે છે.

ઉપરોકત હકીકતે આરોપીઓના ગુના કબુલાત ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

***હુકમ***

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૫ અન્વયે જુગારધારાની કલમ–૧૨(અ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

દરેક આરોપીને જુગારધારાની કલમ–૧૨(અ) મુજબના ના ભંગ બદલ રૂ.૧૦૦/– (અંકે એકસો પુરા )નો દંડ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન–૭ ની સાદી કેસની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ રોકડ રકમ સરકાર શ્રી મા જમા લેવી તથા મુદામાલ જુગાર સાહીત્યનો નાશ કરવો.

જામીન તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે. આજરોજ હુકમ અદાલત મધ્યે જાહેર કર્યો.

**હુકમ આજ રોજ તા.૧૪ મી માર્ચ સને–૨૦૨૬ ના રોજના મેજીસ્ટ્રેટના સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ:– મોરબી.**

**ફોજદારી દંડની રકમ રૂ.____________ દંડની**
**પહોંચ નં.____________, તા.૧૪/૦૩/૨૦૨૬**
**વસુલ લીધી.**

**નાજર/ આસીસ્ટન્ટ,**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ,**
**મોરબી.**

(બી.વી.સંચાણીયા)
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
મોરબી
(જીજે ૦૦૭૪૫)